# હેકરે બેન્ક ખાતાને હેક કરીને રૂ. ૪૭ હજાર ઉપાડી લીધા

## જ્યાં ખાતેદાર ગયો જ નથી તેવા કોલકાતામાંથી રૂપિયા ઉપાડ્યા હોવાનું બેન્ક સ્ટેટસ

કલોલ, તા. ૨૮

સાહેબ મારૂ એ.ટી.એમ કાર્ડ ક્યારેય ખોવાયું કે ચોરાયું નથી તેમ છતાં એટીએમમાંથી ખબર નહીં કેવી રીતે રૂપિયા કોણ ઉપાડી ગયા છે ? કલોલના વડસર એસ.બી.આઈ.માં બેન્ક એકાઉન્ટ ધરાવતા એરફોર્સના નિવૃત્ત કર્મચારીના સેવીંગ એકાઉન્ટમાંથી કોઈ શખ્સે પાસવર્ડ હેક કરીને રૂ. ૪૭,૨૦૦ નિકાળી લીધા હોવાની ફરિયાદ કલોલ તાલુકા પોલીસ મથકે આપતા પોલીસે આઈ.ટી. એક્ટ મુજબ ગુનો નોંધી સઘન તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ચાંદખેડા ખાતે રહેતા અનિરૂદ્ધ કરણસિંહ ઠાકર કલોલ તાલુકાના વડસર ખાતેની એસ.બી.આઈ. બેન્કમાં ખાતુ ધરાવે છે. નિવૃત્ત એરફોર્સ કર્મચારીના બેન્ક એકાઉન્ટમાંથી ૭ ઓગસ્ટે આપ મેળે રૂ. ૪૭,૨૦૦ ડેબીટ થઈ જતાં તેઓ મુંઝાઈ ગયા છે. આ સંદર્ભે કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટને જાણ કરાતા તેમણે તપાસ શરૂ કરી હતી.

દરમિયાન માલુમ પડ્યું છે કે, તેમનું એ.ટી.એમ ક્યારેય ખોવાયું કે ચોરાયું નથી. તેમ છતાં આપમેળે ખાતામાંથી રૂપિયા ડેબીટ હેકીંગથી થયા છે. તેમના રૂપિયા કલકત્તાના કોઈ એ.ટી.એમ.માંથી ઉપડ્યા હોવાનું બેન્ક તરફથી સ્ટેટસ મળ્યું છે. જો કે, ખાતેદારને આ બાબતે પૂછતા જાણવા મળ્યું કે તે તો કોઈ દિવસ કલકત્તા ગયા પણ નથી કે કલકત્તા ક્યારેય જોયું પણ નથી જેથી કોઈ શખ્સે તેમના એકાઉન્ટના પાસવર્ડને હેક કરીને કલકત્તાથી રૂપિયા ડેબીટ કરી લીધા છે. કલોલ તાલુકા પોલીસે આઈ.ટી. એક્ટ મુજબ ગુનો નોંધી પી.આઈ. પી. ઓ. ભટ્ટે સઘન તપાસ શરૂ કરી દીધી છે.

# કલોલમાં મૂશળધાર વરસાદથી રાત્રે ઘણા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા

## સીઝનમાં ૧૯૪ મી.મી. જ્યારે ગત એક જ રાતમાં ૨૫ મી.મી. વરસાદ ખાબક્યો

કલોલ, તા. ૨૮

દિવસ દરમ્યાન ગરમી અને ઉકળાટનું વાતાવરણ રહ્યા બાદ કલોલમાં સાંજ પડતા વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. રાતે ૧૦ વાગ્યા બાદ કલોલમાં ભારે ગાજવીજ સાથે મુશળધાર વરસાદ ખાબક્યો હતો. રાત્રી દરમ્યાન કલોલમાં ૨૫ મી.મી. વરસાદ પડતા વહેલી સવાર સુધી વિવિધ વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાઈ ગયેલા જોવા મળ્યા હતા.

બે દિવસ અગાઉ કલોલમાં હળવા મધ્યમ વરસાદી ઝાપટા બાદ છાંટોય વરસાદ ન પડતા તાપમાનમાં વધારા સાથે દિવસ દરમ્યાન બફારો અને ઉકળાટ અનુભવાતા શહેરીજનો તથા ગ્રામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. દરમ્યાન ગઈકાલે મોડી સાંજ બાદ અચાનક જ વાતાવરણે રંગીન મિજાજ બતાવ્યો હતો અને સાંજે પવનના સુસવાટા બાદ રાતે ૧૦ વાગ્યા બાદ વરસાદ ધોધમાર પડ્યો હતો. રાતે કલોલમાં પડેલા મુશળધાર વરસાદથી પરોઢ સુધી ખુની બંગલા, સ્ટેશન રોડ, બગીચા વિસ્તાર, પંચવટી, કલ્યાણપુરા તથા પૂર્વેના વિસ્તારોમાં ઘુંટણસમા પાણી ભરાઈ જતા વાહનચાલકો સહીત રહીશો ગુંચવાયા હતા. કલોલમાં સિઝનનો ૧૯૪ મી.મી. એટલે કે ૮ ઈંચ થી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે ગઈકાલે રાત્રે ગણતરીના કલાકોમાં કલોલમાં ૨૫ મી.મી. (એક ઈંચથી વધુ) વરસાદ પડ્યો હતો.

### કલોલમાં પલટાયેલ વાતાવરણને લીધે સવારથી જ ખુશનુમા માહોલ

સમગ્ર ઉત્તર ગુજરાતમાં છુટાછવાયા ઝાંપટાઓ બાદ કલોલમાં ગત રાત્રીના ભારે વરસાદ બાદ સમગ્ર દિવસ દરમ્યાન ખૂબજ ખુશ્મુમાં માહોલ જોવા મળ્યો હતો. રાત્રીનાં ભારે વરસાદ બાદ સવારથી જ આકાશમાં વાદલોનાં ઘેરાવાના કારણે વાતાવરણમાં ખૂબજ ઠંડક વર્તાઈ હતી. આ ખુશમિજાજી મોસમના કારણે શાળાએ જતાં વિદ્યાર્થીઓ તથા ઓફિસ જતાં કર્મચારીઓમાં વાતાવરણના આ પલટાયેલ સ્વરૂપને જોઈ ખુબજ આનંદ અને ઉત્સાહની લાગણી જોવા મળી હતી. સમગ્ર દિવસ દરમ્યાન કંટાળેલા નગરજનો સાંજે ઘરે ફર્યા બાદ પણ તાજગીસભર દેખાયા હતા. વાતાવરણની આ મજા માણવા માટે કપિલેશ્વર મહાદેવનાં મંદિરની આજુબાજુ તથા અન્ય બાગ-બગીચાઓનાં વિસ્તારમાં પણ ફરવા નિકળેલા સહેલાણીઓની ભીડ જોવા મળી હતી.

# શેરથા પાસેથી બાઈક પર દારૂની હેરાફેરી કરી રહેલા બે ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીક શેરથા પાસેથી ત્રણ શખ્સો બાઈક પર વિદેશીદારૂ તથા બિયરની હેરાફેરી કરી રહ્યા હોવાની બાતમીને આધારે અડાલજ પોલીસની ટીમે વોચ ગોઠવીને પલ્સર બાઈક પર પસાર થઈ રહેલા શખ્સોને દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બે શખ્સોની ધરપકડ કરી રૂ. ૯૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જ્યારે એક શખ્સ ત્યાંથી ફરાર થઈ જતાં તેની શોધખોળ શરૂ કરી વધુ તપાસ આરંભી છે.

પી.એસ.આઈ. એચ.આર. કુવાડીયાને બાતમી મળી હતી કે શેરથા રોડ પરથી ત્રણ યુવાન શખ્સો પલ્સર બાઈક નં. જીજે-૧૮-એ.ક્યુ-૯૭૧ પર દારૂની હેરાફેરી કરી રહ્યા છે જેને આધારે પી.આઈ. એસ.જી. પરમારની સુચનાથી તેમણે તેમની ટીમના પી.સી. પ્રકાશસિંહ અને રવિન્દ્ર જગન્નાથ સાથે જઈ બાતમી વાળા રોડ પર વોચ ગોઠવી દીધી હતી. બીક પર ત્રણેય શખ્સો નિકળતા ચેકીંગ કરતા તેમની પાસેથી એક થેલો મળ્યો હતો. જેમાંથી એક પછી એક ૨૩ નંગ વિદેશી દારૂની બોટલો અને ૧૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે દારૂ-બિયરના જથ્થા સહિત રૂ. ૯૨,૯૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી બાબુજી ઉર્ફે અમિતજી પ્રધાનજી ઠાકોર તથા બળદેવજી ઉર્ફે ટીનાજી મંગાજી ઠાકોરની ધરપકડ કરી લીધી હતી જ્યારે બાઈક પર સવાર સેરથાનો શખ્સ રમજીતજી ઠાકોર નાસી છુટવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે ત્રણેય વિરૂદ્ધ પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી સઘન પુછપુરછ શરૂ કરીને વોન્ટેડ શખ્સની શોધખોળ માટે ચક્રો ગતમિમાન કર્યા છે.

### અફીણના પોશડોડાનો જથ્થો રાધનપુરથી અમદાવાદ લઈ જવાતો હતો

કલોલ, તા. ૨૮

કલોલ તાલુકાના બાલવા ચોકડી પાસેથી ગઈકાલે મોડી સાંજે અફીણના પોશડોડાના ૧૦૦ કિલોના જથ્થા સાથે ઝડપાયેલો માણસાનો દયારામ ધનજી ઠક્કર રાધનપુર ખાતેના રાજેશ્વર ટ્રેડર્સના માલિક રાણાભાઈ પાસેથી જથ્થો કારમાં લઈને આવ્યો હતો અને અમદાવાદના કાલુપુર વિસ્તારમાં અકુભાઈ મુસલમાનને સપ્લાય કરવા જઈ રહ્યો હોવાનું પોલીસ તપાસમાં બહાર આવવા પામ્યું છે. ઉલ્લેખનીય છે કે, દયારામ પાસે આ માલના મર્યાદિત જથ્થાની ચોક્કર જગ્યાએ હેરાફેરીનું લાયસન્સ છે પરંતુ તે ગઈકાલે ગેરકાયદેસર જથ્થો લઈને જઈ રહ્યો હોવાનું ધ્યાને આવતા તાલુકા પી.આઈ. પી. ઓ. ભટ્ટે તેના વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કલોલમાં નજીવી બાબતે દુકાનદારને ફટકારી જાનથી મારી નાંખવાની ધમકી

કલોલ, તા. ૨૮

કલોલ શહેરના ગીરધર પ્રેસ ધરાવતા નરસિંહભાઈ મોલારામ વૈષ્ણવ તથા તેમના દિકરા ભાવેશ નરસિંહભાઈ વૈષ્ણવે ગઈ કાલે રેલવે સ્ટેશન સામે સ્થિત બોમ્બે વોશીંગ શોપ સામે ગંદુ પાણી ઢોળતા બોમ્બે વોશીંગ શોપના માલિક દિલીપભાઈ પરષોત્તમભાઈ ધોબીએ પાણી ન ઢોળવા કહ્યું. ઉશ્કેરાઈ ગયેલા બાપ-દિકરાએ દિલીપભાઈને પકડીને લાઠી વડે ફરી વળતા ડાબા હાથે ફ્રેક્ચર થઈ ગયુંહતું. નજીવી બાબતે મારામારી કરીને બાપ-દિકરાએ વેપારીને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ બનાવ અંગે કલોલ શહેર પોલીસે મારામારીનો ગુના બદલ બે શખ્સ વિરુધ્ધ દાખલ કરી તટસ્થ તપાસ શરુ કરી છે.

### અધ્યાપક મંડળે યુનિ.માં ઘંટ સાથે દેખાવ યોજ્યા

અમદાવાદ,તા. ૨૮

ગુજરાતમાં આવેલી સરકારી અને ગ્રાન્ટીનીડ કોલેજોના અધ્યાપકોએ પોતાની પડતર માંગણીઓને લઈને આજે ગુજરાત યુનિવર્સિટી ખાતે અધ્યાપક મંડળ દ્વારા ઘંટ સાથે દેખાવ કરવામાં આવ્યા હતા. આજે સાંજ ગુજ.યુનિ. ખાતે અધ્યાપક મંડળે રાજ્ય સરકાર અને શિક્ષણ મંત્રી વિરૂધ્ધ દેખાવ અને સૂત્રોચ્ચાર કર્યા હતા. મંડળે પત્રકારોને જણાવ્યું હતું કે રાજ્ય સરકાર યુજીસીના નિયમ મૂજબ અધ્યાપકોને વર્ષ ૨૦૦૬ થી એરિયર્સની ચૂકવણી કરી નથી. આ ઉપરાંત અધ્યાપકોના એડહોક અને પાર્ટ ટાઈમના પ્રશ્નોના પણ ઉકેલ આવ્યા નથી.

# કોંગી સત્તામાં આવશે તો મધ્યમ વર્ગને વિમા કવચ

## કોંગ્રેસ દ્વારા પ્રજા વિકાસ દર્શનના પાંચમા મુદ્દાની જાહેરાત

## તમામને જીવન રક્ષક દવાઓ વિનામૂલ્યે આપવા ખાતરી

અમદાવાદ,તા. ૨૮

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને કોંગ્રેસે ઢંઢેરારૂપે આજે પાંચમા મુદ્દાની જાહેરાત કરી હતી જેમાં કોંગ્રેસ જો સત્તા પર આવશે તો ગુજરાત મૅડિકલ સર્વિસ કૉર્પોરેશનની જાહેરાત કરશે. દવાઓને જેનેરિક ફોર્મમાં સરકારી હૉસ્પિટલોમાં ઉપલબ્ધ કરાવશે. દવાઓના ખર્ચમાં ૭૦ ટકા ઘટાડો થશે.

દવાના ભાવ દસમા ભાગમાં થઈ જશે તેમજ મધ્યમ વર્ગ માટે હૃદયરોગ, કિડની, કૅન્સર, ન્યુરોસર્જરી વગેરે માટે રૂપિયા ૧.૫૦ લાખ અને રૂપિયા ૫૦,૦૦૦ વધારાના એમ રૂપિયા બે લાખનું વિમા કવચ અપાશે તેનું પ્રિમિયમ રાજ્ય સરકાર ભોગવશે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કેમ્પેઈન કમિટિના ચૅરમેન શંકરસિંહ વાઘેલા તથા સંયુક્ત ચૂંટણી ઢંઢેરા સમિતિનાં ચૅરમેન અરવિંદ સંઘવીએ સંયુક્ત પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. મોઢવાડિયાએ કહ્યું હતું કે, રાજ્યની સિવિલ હૉસ્પિટલો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ઉત્તમ કક્ષાના બનાવીને તબીબો તથા પેરામૅડિકલ સ્ટાફની પૂરા પગારથી ભરતી કરાશે. ભાજપની સરકારે નાગરિકોની તંદુરસ્તીની ચિંતા કરવાને બદલે મૂડીપતીઓની તિજોરીની



ચિંતા કરી છે.

રાજ્યના નાગરિકોનું અપેક્ષિત આયુષ્ય ૬૩ વર્ષ સાથે ગુજરાત દેશમાં આઠમાં ક્રમે છે. બાળમૃત્યુના ઉંચા દરમાં સાતમા ક્રમે અને માતા મૃત્યુના ઉંચા દરમાં પણ આઠમા ક્રમે છે. રાજ્યની ૫૫.૩ ટકા મહિલાઓ એનીમિનિયાથી પીડાય છે. હૉસ્પિટલમાં ડિલિવરી માત્ર ૫૬.૬ ટકા સાથે ગુજરાત ૧૩માં ક્રમે છે તથા રાજ્યના ૨૩.૫ ટકા બાળકો કુપોષિત તથા ૪૫ ટકા બાળકો ઓછું વજન ધરાવે છે. આ ઉપરાંત આરોગ્ય પાછળ ગુજરાત માથાદીઠ માત્ર રૂપિયા ૨૭૦ના ખર્ચ સાથે દેશમાં ૩૧મા નંબરનું છેવાડાનું રાજ્ય છે. કોંગ્રેસ જો સત્તા પર આવશે તો ગુજરાત મૅડિકલ સર્વિસ કૉર્પોરેશન-સ્વાયત સંસ્થાની રચના કરી જીવનરક્ષક દવાઓ વિનામૂલ્યે અપાશે. મધ્યમ વર્ગ માટે લોકભાગીદારીથી આરોગ્ય વિમા યોજના દાખલ થશે. વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનાં આરોગ્યની ચિંતા કરી નથી. હેલ્થ સેન્ટરો માટે ફંડ ઉભું કરીશું, ઓપન જીમ બનાવીશું. યોગ અને નેચરોપથી નિષ્ણાંતો ગામડાંમાં જઈને પ્રશિક્ષિણ આપશે.

# ગણપતિબાપાની મૂર્તિની સાઈઝ નાની રાખવા અપીલ

ગાંધીનગર, તા. ૨૮

આપણા દેશમાં શ્રદ્ધાપૂર્વક ઉજવાતા ઉત્સવમાં ગણેશ ચતુર્થી ખૂબજ ધામધૂમથી દરેક રાજ્યમાં ઉજવાય છે. શ્રદ્ધાપૂર્વક ગણેશજીની પધરામણી બાદ નિશ્ચિત સમયે વિસર્જન કરવામાં આવે છે. વિસર્જનની પ્રક્રિયા દરમ્યાન થતી પર્યાવરણનીય મુશ્કેલીના નિવારણ અર્થે ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ વતી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર આપણે ગણેશજીની મૂર્તિ કુદરતી માટીમાંથી જ બનાવીએ અને પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિનો ઉપયોગ તથા મૂર્તિમાં કુદરતી રંગોનો જ ઉપયોગ કરી રંગ રસાયણોનો ઉપયોગ સદંતર બંધ કરીએ. મૂર્તિનું વિસર્જન જ્યારે કોઈપણ પ્રકારના જળાશયમાં કરવામાં આવે છે ત્યારે રસાયણ વાળી અકુદરતી માટી જ્યારે જળાશયોના તળીયે જમા થાય છે ત્યારે જળસૃષ્ટીમાં આવેલ જળચરો તથા જલદ વનસ્પતિને તો નુકશાન કરે જ છે, પરંતુ તે પાણી જમીનમાં નીચે ઉતરી ભૂગર્ભ જળને પણ બેહદ નુકશાન કરે છે.

કારણ તેમાં રહેલ ભારે ધાતુ તત્વો તથા ઝેરી રસાયણો પોતાની લાંબાગાળાની અસર જે આખરે મનુષ્ય હોય કે અન્ય જીવસૃષ્ટી, આ પાણીનો ઉપયોગ કરનાર પર કરે છે. જે મૂર્તિ આપણે શ્રદ્ધાપૂર્વક ભક્તિ ભાવથી વિસર્જન કરેલ છે તે મોટી મૂર્તિ બનાવવાથી વિસર્જન બાદ મૂર્તિની થતી દુર્દશા પણ અટકાવી શકાય છે. મૂર્તિનું કદ વધારવાથી શ્રદ્ધા મોટી નથી થતી પરંતુ જો શ્રદ્ધા હોય તો આપણી મૂર્તિ હંમેશા મોટી જ રહે છે.

જળસૃષ્ટી તથા મનુષ્યસૃષ્ટીના રક્ષણ અર્થેઆવો આપણે સર્વપ્રદૂષણ અટકાવવાના આ ભગીરથ પ્રયત્નને સફળ જાહેર જનતાને આથી અનુરોધ પણ કરવામાં આવે છે.

## શબ્દાવલી - ૪૮૨૯

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| | ■ | ૧૦ | | | | | ■ |
| ૧૧ | ૧૨ | ■ | | ■ | | ■ | ૧૩ |
| ■ | | ■ | ૧૪ | ૧૫ | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | | ■ | ■ | |
| ૧૮ | | ■ | ૧૯ | | ૨૦ | ૨૧ | |
| ■ | ૨૨ | | | ■ | ૨૩ | | ■ |

**આડી ચાવી**

૧. ધર્મ, ... નહીં સીખાતા... (૪)
૫. નજીવું, નકામું (૩)
૮. રાવ, અન્યાય સામેનો પોકાર (૪)
૯. સ્હેજ, થોડુંક (૩)
૧૦. એક ફૂલ, કાનનું ઘરેણું (૫)
૧૧. લીન, મગ્ન (૨)
૧૪. થયું પૂરતું છે તેવો ભાવ (૨)
૧૬. નાના છોડ (૨)
૧૭. નાગ - સાપનું ઘર (૩)
૧૮. બટાકા-દાળ વગેરેના..., ભજીયા (૨)
૧૯. ઘોર ખોદનારું (૫)
૨૨. ટશિયો, સેર (૩)
૨૩. ઠોઠ, ઝાંખુ (૨)

**ઊભી ચાવી**

૧. ઉનનો સ્ટાફ (૪)
૨. અબરખના ચમકતા કણો (૨)
૩. જીવતા હોય તેવા (૩)
૪. ખરાબ ભાગ્યવાળું, કમનસીબ (૫)
૫. ખુબસુરત સ્ત્રી (૪)
૬. લાંબા આયુષ્યવાળુ (૬)
૭. રટ, જીદ્દ (૨)
૧૨. તરફ જવું તે (૫)
૧૩. ચાર પાનાનું (૩)
૧૫. યાત્રા (૩)
૧૭. સહાયતા માટેની આજીજી (૨)
૧૯. જધન્ય, ગંભીર (૨)
૨૦. ખામી (૨)
૨૧. હાર્ટ, હૃદય (૨)

**શબ્દાવલી ૪૮૨૮ના જવાબ**

**આડી ચાવી :-** (૧) ખુશનશીબ (૫) અર્થ (૬) શક (૭) તાલીમાર્થી (૯) બોટ (૧૧) ગાર (૧૨) કડક (૧૪) કોઠાર (૧૫) માલી (૧૬) પરી (૧૮) મહીયર (૧૯) રાવ (૨૦) સતત (૨૧) મેરામણ

**ઊભી ચાવી :-** (૧) ખુશબોદાર (૨) શકટ (૩) શીતાગાર (૪) બલી (૫) અર્થી (૮) માણેકઠારી (૧૦) ડેક (૧૧) ગાફેલીયત (૧૩) ડર (૧૪) કોપ (૧૫) માહીત (૧૭) રાવણ (૧૮) મસ (૧૯) રામ

### વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

રાહ જોવડાવ્યા બાદ ખેડૂતોમાં ચિંતા સતાવી રહી હતી. મોંઘાદાટ બિયારણો, દવાઓ, ખાતરો અન્ય ખેત ખર્ચાના આર્થિક ભારણો વચ્ચે એક સાંધતા તેર તુટે તેવી સ્થિતિમાં સોમવારે મોડી રાત્રે ગાજવીજ કડાકા સાથે વરસાદનું આગમન થતાં મહામુલા પાકમાં જીવતદાન મળતાં ખુશી પ્રવર્તી રહી છે. આ ઉપરાંત આજે બપોરે પણ ચિલોડા પંથકમાં જોરદાર વરસાદનું ઝાપટું તૂટી પડતાં ખેતરોમાં ભેજ સંગ્રહમાં વરસાદી પાણી અતિ ફાયદો કરે તેવી ઉજળી તકો સર્જાતા ખેડૂતોમાં રાહતની લાગણી પ્રવર્તી હતી. હજુયે વધુ વરસાદ થાય તેવા એંધાણો જોતાં ખેડૂતોમાં આશા વધુ પ્રબળ બની છે આમ પાણી અને ઘાસચારાના પ્રશ્ને કંઈક અંશે રાહત ઉભી થતા ખેડૂતોના હૈયે સંતોષની લાગણી પ્રવર્તી રહી છે.

### સોહરાબુદીન કેસ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સીબીઆઈના સર્વેલન્સ હેઠળ આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતમાં પ્રવેશવા દેવામાં આવે.

દરમ્યાન કોર્ટે સીબીઆઈને પણ તુલસી પ્રજાપતિ એનકાઉન્ટર કેસની પોતાની તપાસ અંગે આવનારા દિવસોમાં નિર્ણય લેવા જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે તુલસી પ્રજાપતિએ સોહરાબુદ્દીન કેસનો ચાવીરૂપ સાક્ષી હતો. સીબીઆઈએ તાજેતરમાં તુલસી કેસમાં સુપ્રિમ પાસે વધારે સમયની માગણી કરી છે.

### પ્રમોશન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હોવાના નિર્દેશ મળ્યા છે.

રાજ્યના સનદી અધિકારીઓ અને પોલીસ અધિકારીઓની બદલીઓ અને પ્રમોશનની ફાઈલ ચૂંટણી પંચની મંજૂરી પછી ક્લિયર થાય તેવી સંભાવના છે.

રાજ્યના જિલ્લા કલેક્ટરો અને જિલ્લા પોલીસ વડા ઉપરાંત સરકારના વિવિધ વિભાગોમાં ટ્રાન્સફરો કરવામાં આવનાર છે.

# કોંગ્રેસની મીડીયા સેન્શરસીપનો ભાજપા દ્વારા વિરોધ રાજ્યના ૮ મહાનગરોમાં દેખાવો યોજાશે

અમદાવાદ, તા. ૨૮

ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ.કે. જાડેજાએ એક યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં સોશીયલ મીડીયા નેટવર્કના કેટલાક એડ્રેસ બ્લોક કરવાના અને સ્થાનિક ટી.વી. ચેનલ સામે પ્રતિબંધ ફરમાવવાના કોંગ્રેસના અભિવ્યક્તિ વિરૂદ્ધના પગલાંને વખોડતા અને કોંગ્રેસની ઈમરજન્સી માનસિકતાના વિરોધમાં ભારતીય જનતા પાર્ટી સમગ્ર રાજ્યમાં મહાનગરો ખાતે દેખાવો યોજશે.

શ્રી જાડેજાએ વધુ માહિતી આપતાં જણાવ્યું છે કે, આજ રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાજકોટ શહેરમાં મેયર શ્રી જનકભાઈ કોટકની આગેવાની હેઠળ સાંગણવા ચોક ખાતે દેખાવો યોજાયા હતા. જ્યારે કર્ણાવતી મહાનગરમાં શહેર અધ્યક્ષ શ્રી રાકેશભાઈ શાહની આગેવાની હેઠળ આર.ટી.ઓ. સર્કલ, સુભાષબ્રિજ ખાતે સાંજે ૫.૦૦ કલાકે દેખાવો યોજાયા હતા. આવતીકાલે ૨૯ તારીખે સુરત અને જામનગર ખાતે, ૩૦ તારીખે વડોદરા અને ભાવનગર ખાતે તેમજ ૩૧ તારીખે જૂનાગઢ અને ગાંધીનગર મહાનગર ખાતે મીડાયા પરની કોંગ્રેસની સેન્શરશીપ વિરૂદ્ધ ભાજપાના દેખાવો યોજાશે.

શ્રી જાડેજાએ કોંગ્રેસની વાણી સ્વાતંત્ર્ય-અભિવ્યક્તિ સામેનો પ્રતિબંધ એ તેની ઈમરજન્સી માનસિકતા છે એમ જણાવી કહ્યું હતું કે, તાજેતરમાં કોંગ્રેસે ટ્વીટર જેવા કેટલાક સોશીયલ મીડાયા નેટવર્કના એડ્રેસ બ્લોક કરવાના આદેશ કર્યા છે. આ અગાઉ તેમના નેતાઓ વિરૂદ્ધની ટીપ્પણી સહન ન થતાં એડ્રેસ બ્લોક કરવા નોટિસો પાઠવી હતી. કોંગ્રેસ મોંઘવારી અને તેમના ભ્રષ્ટાચારના સમાચોરો પ્રગટ કરતા સમૂહ માધ્યમો વિરૂદ્ધ કાર્યવાહી કરી સરકારી અંકુશ બહારના માધ્યમો પર સરકારી અંકુશ મુકવા માંગે છે.

શ્રી જાડેજાએ અંતમાં જણાવ્યું હતું કે, દૂરદર્શન-આકાશવાણી જેવા સરકારી માધ્યમોનો દુરૂપયોગ કરી કોંગ્રેસ દુષ્પ્રચાર કરી આ માધ્યમોને સરકારી વાજા તરીકે ઉપયોગ કરે છે. જ્યારે બિનસરકારી માધ્યમોને વિવિધ બહાના હેઠળ અંકુશ મુકી તેમનું ગળું ઘોંટવાનો પ્રયાસ કરી રહી છે તેને ભાજપ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

# નરોડા પાટિયા હત્યાકાંડ : આજે ૬૨ આરોપીના ભાવિનો ફેંસલો

અમદાવાદ,તા. ૨૮

અમદાવાદની ખાસ અદાલત અભુતપુર્વ સુરક્ષા વ્યવસથા અને સસ્પેન્સની સ્થિતી વચ્ચે આવતીકાલે નરોડા પાટિયા હત્યાકાંડ મામલામાં તેનો ચુકાદો આપશે. ખાસ અદાલત ૬૨ આરોપીઓના ભાવિનો ફેસલો કરશે. આ ૬૨ આરોપીઓમાં વિહિપનાં નેતા બાબુ બજરંગી, જયદીપ પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભુતપુર્વ મંત્રી માયાબેન કોડનાનીનાં ભાવીનો પણ ફેંસલો થશે. ખાસ અદાલતે અગાઉ ૩૦મી જુનનાં દિવસે તેનો ચુકાદો ૨૯મી ઓગસ્ટ સુધી એટલે કે આવતીકાલની તારીખ સુધી અનામત રાખ્યો હતો. જેથી હવે આવતીકાલે ખાસ અદાલત તેનો ચુકાદો જાહેર કરશે.

ગોધરાકાંડ બાદ તેના પ્રત્યાઘાતરૂપે અમદાવાદ સહિત રાજ્યનાં ઘણાં ભાગોમાં કોમી રમખાણ ફાટી નિકળ્યા હતા. આ ગાળા દરમિયાન અમદાવાદનાં નરોડા પાટિયા હત્યાકાંડ સર્જાયો હતો. જેમાં ૯૭ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. આ હત્યાકાંડથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો. નરોડા પાટિયા હત્યાકાંડ કેસમાં નરેન્દ્ર મોદી સરકારમાં એક ભૂતપૂર્વ પ્રધાન સહિત ૬૨ આરોપીઓ છે.

આ ચુકાદાને લઈને કોર્ટની આસપાસ સઘન સુરક્ષા વ્યવસ્થા પહેલાથી ગોઠવી દેવામાં આવી છે. કેસમાં બિપીન પંચાલ, કિશન કોરાની, અશોક સિંધી, રાજુ ચોમલ પણ આરોપી તરીકે છે. જેથી ચુકાદાને લઈને તમામ લોકોની નજર તેના પર કેન્દ્રિત થઈ ગઈ છે. ગોધરા નજીક બનેલા ગોધરા ટ્રેન અગ્નિકાંડના બનાવના એક દિવસ બાદ એટલે કે ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે નરોડા પાટિયા હત્યાકાંડ સર્જાયો હતો. હજારોની સંખ્યામાં તોફાની ટોળાએ હુમલો કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદ દ્વારા આપવામાં આવેલ બંધ દરમિયાન આ બનાવ બન્યો હતો. કોડનાની અને અન્યના નેતૃત્વમાં ઘાતક હથિયારો સાથે તોફાની ટોળાએ નરોડા પાટિયા ખાતે એકત્રિત થયા બાદ આ હુમલો કર્યો હતો. હુમલામાં ૩૩ અન્યો ઘાયલ થયા હતા. ગોધરાકાંડના બાદના સૌથી સનસનાટીપૂર્ણ હત્યાકાંડ પૈકીનો આ અંક હત્યાકાંડ હતો. ઓગસ્ટ ૨૦૦૯માં આ મામલામાં ટ્રાયલ શરૂ થઈ હતી. અને ૬૨ આરોપીઓ સામે આરોપો ઘડાયા હતા. જો કે ટ્રાયલ દરમિયાન એક આરોપી વિજય શેટ્ટીનું મોત થયું હતું. નજરે જોનાર સાક્ષીઓ, ભોગ બનેલા લોકોના સગાસંબંધીઓ, તબીબો, પોલીસ, સરકારી અધિકારીઓ, ફોરેન્સીસ નિષ્ણાંતો, પત્રકારો સહિત ૩૨૭ લોકોની કોર્ટ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી. ૬૨ આરોપીઓ પૈકીના ત્રણ આરોપી અગાઉની છેલ્લી સુનાવણી વેળા કોર્ટમાં ઉપસ્થિત રહ્યા ન હતા. શરૂઆતમાં હત્યાકાંડનો બનાવ બન્યા બાદ ગુજરાત પોલીસ દ્વારા ૪૬ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

વર્ષ ૨૦૦૮માં સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી ખાસ તપાસ ટીમને તપાસ સોંપાયા બાદ આ સંસ્થાએ વધુ ૨૪ લોકોની ધરપકડ કરી હતી. જ્યારે અન્ય બે મોહન નેપાળી અને તેજસ પાઠકને જામીન મળી ગયા હતા. આ બંને હજુ ફરાર છે. છેલ્લા એક દશકમાં આઠ તપાસ અધિકારીઓ દ્વારા કેસમાં તપાસ કરાઈ છે. તમામ આરોપીઓ સામે આઈપીસીની જુદી જુદી કલમો હેઠળ કેસ દાખલ કરીને આરોપો મુકાયા હતા. આઈપીસીની કલમ ૩૦૨ (હત્યા), ૩૦૭ (હત્યાના પ્રયાસ), ૩૨૩, ૩૨૪, ૩૨૫ (ખતરનાક ઈરાદાઓ સાથે ગંભીર ઈજા), ૩૬૭ (ગંભીર ઈજાના હેતુથી અપહરણ)નો સમાવેશ થાય છે. આ એક એવો કેસ છે જે કેસમાં ગોધરા ટ્રેન કાંડ સહિત સીટ દ્વારા નવ કેસમાં તપાસ કરવામાં આવી રહી છે. સીટના કેસમાં જેમાં ચુકાદા આવી ગયા છે તેમાં ઓડ ગામ હત્યાકાંડનો સમાવેશ થાય છે. કેસમાં ૧૮ આરોપીઓને આજીવન કારાવાસની અને પાંચને સાત વર્ષની જેલની સજા કરાઈ હતી. વર્ષ ૨૦૧૧માં ખાસ અદાલતે ગોધરા ટ્રેન અગ્નિકાંડ કેસમાં ચુકાદો આપ્યો હતો.